અપીલ અરજી નં.૫૧ તા.૧૧–૫–૧૦/૧૧

અરજદારઃ– શ્રી વિઠ્ઠલભાઈ નરસિંહભાઈ ગોળકીયા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ નરસિંહભાઈ ગોળકીયાની તા.૩૧–૩–૧૦ની અરજીથી (૧) કોર્પોરેશન ધ્વારા પાસ થયેલ શોપીંગ સેન્ટરની દુકાનને જરૂરી ગટર કનેકશન માંગણી કરવામાં આવે તો કેટલા દિવસમાં તેનો એસએમસી ધ્વારા નિકાલ કરવામાં આવે છે. (૨) ઉપરોકત નામની તા.૩૦–૧–૧૦ ના રોજ ફા.પ્લોટ ૯૭, ટીપી ૩ ૧૫૦ ફુટ કરંજ પર બાંધવામાં આવેલ દુકાન નં.૧૩ લાભેશ્વર શોપીંગ સેન્ટર માટે ગટર કનેકશન માંગવામાં આવેલ છે તે હજુ સુધી મળ્યું નથી કનેકશન મંજુર કરો અથવા કામ અટકાવવાના કારણો જણાવો સ્થળ તપાસ થઈ ગયેલ છે પરંતુ મંજુરી મળી નથી તો તે કયારે મળશે? અને શા માટે મળતી નથી? વિગેરે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૧–૫–૧૦ ની **SMC/FAP/** નં.૫૧/૨૦૧૦–૧૧

શ્રી વિઠ્ઠલભાઈ નરસિંહભાઈ ગોળકીયાની તા.૩૧–૩–૧૦ની અરજીથી (૧) કોર્પોરેશન ધ્વારા પાસ થયેલ શોપીંગ સેન્ટરની દુકાનને જરૂરી ગટર કનેકશન માંગણી કરવામાં આવે તો કેટલા દિવસમાં તેનો એસએમસી ધ્વારા નિકાલ કરવામાં આવે છે. (૨) ઉપરોકત નામની તા.૩૦–૧–૧૦ ના રોજ ફા.પ્લોટ ૯૭, ટીપી ૩ ૧૫૦ ફુટ કરંજ પર બાંધવામાં આવેલ દુકાન નં.૧૩ લાભેશ્વર શોપીંગ સેન્ટર માટે ગટર કનેકશન માંગવામાં આવેલ છે તે હજુ સુધી મળ્યું નથી કનેકશન મંજુર કરો અથવા કામ અટકાવવાના કારણો જણાવો સ્થળ તપાસ થઈ ગયેલ છે પરંતુ મંજુરી મળી નથી તો તે કયારે મળશે? અને શા માટે મળતી નથી? વિગેરે માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ /૨૩૬ તા.૧૯–૫–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારનેઅપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારીના તા.૬–૫–૧૦ નો પત્ર મળેલ છે કે કેમ? જો મળેલ હોય તો તે પછી શું નારાજગી છે? તે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૨૫–૫–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગેનો પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૭૦૫ તા.૬–૫–૧૦ ના પત્રની નકલ મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ વિગતો મળેલ નથી.

અરજદારની તા.૩૧–૩–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે માંગવામાં આવેલી માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જે બાબતે દિન–૩ માં કોઈ પ્રતિભાવ મળ્યો નથી તેવું જણાવી અરજદારે તા.૧૧–૫–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે અરજદારને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૨૩૬ તા.૧૯–૫–૧૦ ના રોજ સદર પત્ર મળેલ છે કે કેમ? અને જો મળેલ હોય તો તે અંગે નારાજગી છે? જે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જે બાબતે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો રજૂ કરેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૭૦૫ તા.૬–૫–૧૦ થી "સદર મિલ્કત/જમીન સુરત મહાનગરપાલિકા ધ્વારા ફાળવેલ હોઈ, સદર મિલ્કતની દુકાનની આગળ ૯,૧૦ ફુટના માર્જીનમાં જે ઓટલો આવેલો છે તેના પર ત્રણ ચાર લારી રસનો ચીચોડો,પાણીપુરી,શરબત,ભજીયા, ફાફડાના સ્ટોલ અનધિકૃત દબાણ કરવામાં આવેલ છે જે દુર કર્યા બાદ તેમજ ફરી ગેરકાયદેસર દબાણ ન થવા અંગે આપના તરફથી લેખિત બાંહેધરી મળ્યા બાદ ડ્રેનેજ કનેકશન અંગેની કાર્યવાહી કરવામાં આવશે. " તેવી માહિતી આપતો પત્ર પાઠવવામાં આવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી પૂરી પડાયેલ જણાય છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૩૧–૩–૧૦ ની અરજીથી માંગેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી વિગત પૂરી પાડેલ હોય અપીલ અંગે વિશેષ કંઈ કરવાનું રહેતુ ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી વિઠ્ઠલભાઈ નરસિંહભાઈ ગોળકીયા,